શ્રમ આયુકતની કચેરી,
ગુજરાત રાજય,
બ્લોક નં-3, પ્રથમ માળ.
E1, E2, F2 વિંગ્સ,
સેક્ટર-૧૦ એ, કર્મયોગી ભવન, ગાંધીનગર
E-mail: asc-bgact-labour@gujarat.gov.in

---

<u>સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા</u>

ક્રમાંકઃ શ્ર.આ.૭./ટે.૩/ફા.નં.૨૪૧-૨૦૨૬/રાચઆ/ચટણ/સ્થા.સ્વ./૨૦૨૬/૪૩૫ તા. ૯/૪/૨૦૨૬

વંચાણે લીધોઃ- રાજય ચુંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ સ્થા. સ્વ/૧૧૦(૨)/૦૪૨૦૨૬-ક-૧૦૨૮૪ થી ૧૦૪૫૪, તા.૦૧/૦૪/૨૦૨૬.

## <u>પ રિ પ ત્ર</u>

રાજય ચુંટણી આયોગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ સ્થા. સ્વ/૧૧૦(૨)/૦૪૨૦૨૬-ક-૧૦૨૮૪ થી ૧૦૪૫૪, તા.૦૧/૦૪/૨૦૨૬થી આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબની રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ તારીખ-૨૬/૦૪/૨૦૨૬, રવિવારના રોજ યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી પંચના તા. ૦૪/૦૩/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.૧૧૦-૩૨૦૦૯-ક થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અનુસંધાને કરવાની થતી કાર્યવાહી અંગે આપેલ સૂચનાઓના મુદ્દા નં. (એચ) અંતર્ગત મતદાનનાં દિવસે સ્થાનિક રજા જાહેર કરવા/વૈકલ્પિક વ્યવસ્થા કરવાના ભાગરૂપે કામદારોને મતદાન કરવા જવા માટે છૂટ આપવાના હુકમો કરવાના રહે છે.

આથી, રાજયમાં તારીખ-૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ

(૧) મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી હોય અને અઠવાડિક રજા ચૂંટણીના દિવસ તા.૨૬/૦૪/૨૦૨૬ના રવિવારના રોજ ન આવતી

હોય તેવા કર્મચારી/કામદાર માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) ઉપર જણાવેલ બાબત એવા કોઈપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણમે તેમ હોય.

(૩) ઉપર જણાવેલ બાબત રોજમદાર/કેજ્યુઅલ કામદારોને પણ લાગુ પડશે.

બિડાણઃ- ઉપર મુજબ

શ્રમ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭/ટે.૩/ફા.નં.૨૪૧-૨૦૨૬/રાચઆ/ચટણ/સ્થા.સ્વ./૨૦૨૬/૪૩૫

તારીખઃ ૮/૪/૨૦૨૬

પ્રતિ,

નકલ સવિનય રવાનાઃ-

(૧) સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) સચિવશ્રી, રાજય ચુંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ સ્થા. સ્વ/૧૧૦(૨)/૦૪૨૦૨૬-ક-૧૦૨૮૪ થી ૧૦૪૫૪, તા.૦૧/૦૪/૨૦૨૬ અન્વયે જાણ સારૂ.

(૬) સેકશન અધિકારીશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૭) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ તાબાની તમામ કચેરીને જાણ કરવી.

(૮) નિયામકશ્રી, માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૯) સિલેકટ ફાઇલ.